THE GENERAL STAMP ACT 1869.

BEING

ACT No. XVIII of 1869.

ઈંડિયાના ગવરનર જનરલ ઇન કૌંસિલને હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સન ૧૮૬૯ ના આગસ્ટ મહિનાની ૧૩ મી તારિખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસિધ્ધ કરયો છે.

સન ૧૮૬૯ નો આકટ ૧૮ મો.

સન ૧૮૬૯ નો જનરલ સ્ટાંપ આકટ.

કેટલાએક દસ્તાવેજો ઉપર સ્ટાંપનો કર બેસાડવા બાબતનો આક્ટ.

બાબ ૧ લો પ્રથમ નિયમો.

ન્હાનું મથાળું.

૧. આ આક્ટને "સન ૧૮૬૯ નો જનરલ સ્ટાંપ આક્ટ કહેવો.

આક્ટ કયાંહાં કયાંહાં લાગુ છે.

આ આક્ટ આખા બ્રિટિશ ઈંડીયાને લાગુ છે; અને આ આક્ટ સન ૧૮૭૦ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખે ચાલુ થશે.

આક્ટ કયારે ચાલુ થશે.

આક્ટો રદ કરયા તે.

૨. આ આક્ટને જોડેલાં ૩ જા પરિશિષ્ટમાં જે આક્ટો લખ્યા છે તે તેજ પરિશિષ્ટના ૩ જા આસનમાં લખ્યા છે તેટલે સુધી સદહું તારીખથી રદ થશે.

અર્થની કલમ.

૩. આ આક્ટમાં અને આ આક્ટને જોડેલા પેહેલા અને બીજા પરિશિષ્ટમાં વિષયને અથવા આગલા પાછલા સંબંધને બાધ આવતો નહીં હોય તો.

(૧). આફિડેવિટ (એટલે સમખાઈને અથવા પ્રતિજ્ઞા કરીને કરેલા લેખ) આ શબ્દમાં સમ ખવડાવવાનો જે માણસને કાયદા પ્રમાણે અધિકાર હોય તે માણસની આગળ સમ ખાઇને અથવા પ્રતિજ્ઞા કરીને કરેલા દરએક લખેલા એકરારનો સમાસ થાય છે એવું સમજવું.

(૨). "આવાર્ડ" (એટલે પંચનો ફેંસલો) આ શબ્દમાં હરકોઈ લવાદે અથવા સર પંચે લખીને ફેંસલો કરયો હોય તે ફેંસલાનો સમાસ થાય છે એવું સમજવું.

(૩). બિલઆફ એક્સચેંજ એટલે (હુંડીપત્રી) આ શબ્દોમાં હુંડીનો અને ચેક સિવાય જે બીજા દસ્તાવેજ ઉપરથી રૂપીયાની નિયમિત રકમ બીજાને આપવા બાબત કોઈ માણસને હુકમ કરવામાં આવે તેહેવા દરએક દસ્તાવેજનો સમાસ થાય છે એવું સમજવું.

(૪). દસ્તાવેજમાં લખેલો માલ મ્હને પોંહોંચ્યો તે માલ હું દસ્તાવેજમાં લખેલે અથવા બતાવેલ ફલાણે બંદર ફલાણા શખસને પોંહોંચાડીશ એ રીતે વાંહાણના ધણીએ અથવા તેના આડતિયાએ સહી કરીને આપેલા દરએક દસ્તાવેજનો સમાસ "બિલ આફ લેડિંગ" આ શબ્દોમાં થાય છે એવું સમજવું.

(૫). ફલાણું કામ કરશે અથવા નહીં કરશે (જેમ હોય તેમ) તો આ દસ્તાવેજ રદ છે એહેવી સરતથી જે દસ્તાવેજ ઉપરથી કોઈ માણસને બીજા કોઈને પૈસા આપવા પડે તેહેવા દરએક દસ્તાવેજનો

સમાસ "બાંડ" (એટલે ખત) આ શબ્દમાં થાય છે એવું સમજવું.

(૬). દરિયામાં જનારાં વાંહાણનો માસ્તર વાંહાણ સફરે લઈ જવાય તેમ કરવા સારૂ વાંહાણ ઉપર જે દસ્તાવેજ ઉપરથી રૂપીયા કરજે કાહાડે તે દરએક દસ્તાવેજનો સમાસ "બાટમરી બાંડ" આ શબ્દોમાં થાય છે એવું સમજવુ.

(૭). વાંહાણ અથવા વાંહાણનો મુખ્ય ભાગ નુરે માંડનારના વિશેષ કામ સારૂ જે દસ્તાવેજ ઉપરથી તે વાંહાણ અથવા વાંહાણનો મુખ્ય ભાગ ભાડે આપવામાં આવે તેહેવા દરએક દસ્તાવેજનો સમાસ "ચાર્ટર પાર્ટી" આ શબ્દોમાં થાયછે એવું સમજવું; પણ ટગ સ્ટીમર (એટલે પાગડ બાંધનારી આગબોટ) ભાડે કરવા બાબતનાં કરારનામાનો તે શબ્દોમાં સમાસ થાય છે એવું સમજવું નહીં.

(૮). રૂપીયાની નિયમિત રકમ માગે એટલે આપવા બાબત જે દસ્તાવેજ ઉપરથી બ્યાંકને અથવા પેહેડીવાળાને અથવા પેહેડીવાળાની પેઠે કામ કરનારને હુકમ કરવામાં આવે છે તેવા દરએક દસ્તાવેજનો સમાસ "ચેક" આ શબ્દમાં થાય છે એવું સમજવું.

(૯). "કલેકટર" આ શબ્દનો અર્થ કલકત્તા, મદ્રાસ અને મુંબઈ શેહેરની હદમાં કલકત્તાનો અથવા મદ્રાસનો અથવા મુંબઇનો કલેકટર સમજવો, અને તે હદ બહાર ડિસ્ટરીકટનો કલેકટર સમજવો અને તે શબ્દમાં ડેપ્યુટી કમિશનરનો અથવા જે અમલદારને ડિસ્ટરીકટના કલેક્ટરના જેટલી હકુમત હશે તે અમલદારનો સમાસ થાય છે એવું સમજવું.

(૧૦). જે દસ્તાવેજ ઉપરથી દેણદાર પોતાની માલમિલકત પોતાના લેણદારના ફાયદા સારૂ આપી દેછે અથવા જે દસ્તાવેજ ઉપરથી લેણદારના લેણાની તોડજોડનો અવેજ અથવા ડિવડંડ (એટલે વેહેંચણી) તેઓને મળવાનું નક્કી કરવામાં આવેછે અથવા જે દસ્તાવેજ ઉપરથી દેણદારે ઈન્સ્પેકટરની નીઘેબાની હેઠળ રહીને અથવા લેટર્સ આફ લૈસેન્સ પ્રમાણે પોતાના લેણદારના ફાયદા સારૂ પોતાનું કામ ચલાવવાનો ઠરાવ કરેલો હોય તેહેવો દેણદારે જે દસ્તાવેજ કરી આપેલો હોય તેનો સમાસ "કામ્પોઝિશન ડીડ" (એટલે તોડજોડનું ખત) આ શબ્દોમાં થાય છે એવું સમજવું.

(૧૧). હરકોઈ કંપનીનો અથવા આસોશિએશનનો (એટલે મંડળીનો) શેર (પાંતી) બીજાના નામ ઉપર ચઢાવવાનો લેખ અથવા ગીરવી ખત અથવા સેટલમેંટ અથવા પટો અથવા ઘરેણે મુકેલી માલમિલકત પાછી માંડી આપવાનો દસ્તાવેજ અથવા તોડજોડનું ખત અથવા બક્ષીસપત્ર અથવા અદલાબદલી કે ભાગ બરાબર થવા સારૂ કાંઈ નાણું આપ્યું નહીં હોય તેહેવો અદલાબદલીનો દસ્તાવેજ અથવા વેહેંચણનો લેખ, એ સિવાય જે દસ્તાવેજ ઉપરથી માલમિલકત માં-

ઠામાંહે આપી દેવામાં આવે છે તે દસ્તાવેજનો બોધ "કન્વેયન્સ" આ શબ્દ ઉપરથી થાય છે એવું સમજવું.

(૧૨). કન્વેયન્સની અથવા સેટલમેંટની અથવા ઘરેણાઉ ખતની અથવા પટાની બીજી નકલ ગ્રાંટરે (એટલે ખત કરી આપનારે) અથવા સેટલરે (એટલે સેટલમેંટ કરનારે) અથવા ઘરેણે મુકનારે અથવા પટાલેરે આપી નહીં હોય પણ તે દસ્તાવેજના બીજા કોઈ પક્ષકારે આપી હોય તેનો બોધ "કૌંટરપાર્ટ" (એટલે સામો લખ) આ શબ્દ ઉપરથી થાયછે એવું સમજવું. અને પટો આપ્યામાં આવ્યો હોય ત્યારે આ શબ્દમાં કબુલાયતનો સમાસ થાય છે એવું સમજવું.

(૧૩). હરકોઈ ગોદી માંહેના અથવા વખાર માંહેના અથવા ડંકા ઉપરના માલ ઉપરે ફલાણા માણસનો અથવા તેના આસેનનો હક છે એવું જે દસ્તાવેજ ઉપરથી થતું હોય અથવા તે દસ્તાવેજ જેની પાસે હોય તેનો હક છે એવું થતું હોય અને સદર્હુ પ્રકારનો માલ જે કંપનીને અથવા માણસને સ્વાધીન હોય તે કંપનીએ અથવા માણસે અથવા તેની તરફથી કોઈએ તે દસ્તાવેજ ઉપર સહી કરી હોય અથવા દાખલો લખી આપ્યો હોય તેહેવા દરએક દસ્તાવેજનો સમાસ "ડાક વારંટ" આ શબ્દમાં થાય છે એહેવું સમજવું.

(૧૪). "મોરેલા" આ શબ્દમાં છાપવાનાં બીબાંથી અથવા શિલા છાપથી છાપેલા આ શબ્દોનો સમાસ થાય છે એવું સમજવું.

(૧૫). કૌંટર પાર્ટ (એટલે સામો લખ) નહીં હોય એહેવા જે દસ્તાવેજ ઉપરથી કોઇ માણસ સ્થાવર મિલકત બીજાને ભાડે આપે અથવા ભાડે આપવાનું કબુલ કરે અથવા બીજા પાસેથી ભાડે લે અથવા ભાડે લેવાનું કબુલ કરે તેહેવા દરએક દસ્તાવેજનો સમાસ "પટા" આ શબ્દમાં થાય છે એહેવું સમજવું.

(૧૬). જે માણસને સારૂ દસ્તાવેજ લખ્યોછે તે માણસને નાણું ધીરજો એહેવો દસ્તાવેજ એક માણસ બીજાની ઉપર લખી મોકલે તેહેવા દરએક દસ્તાવેજનો સમાસ (લેટર આફ ક્રેડિટ એટલે) "ભલામણનો કાગળ" આ શબ્દોમાં થાય છે એહેવું સમજવું.

(૧૭). લેણદારોનું માગણું ફલાણી મુદત સુધી મોકુફ રેહેશે અને દેણદારની નજરમાં આવે તે પ્રમાણે તેણે પોતાનું કામ ચલાવવું એહેવા મજકુરના જે જે કરાર દેણદાર અને તેના લેણદારની દરમયાન થાય તેનો સમાસ "લેટર આફ લૈસેન્સ" આ શબ્દોમાં થાય છે એહેવું સમજવું.

(૧૮). નાણાની સાનમાં માલમિલકત ઘરેણે મુકી છે એહેવું બતાવનારા દરએક દસ્તાવેજનો સમાસ "ગીરવી ખત" આ શબ્દોમાં થાય છે એહેવું સમજવું.

(૧૯). "વેચાય તેહેવો દસ્તાવેજ" આ શબ્દોમાં બિલઆફ

એકસચેંજનો (એટલે હુંડીપત્રીનો) તથા પ્રામીસરી નોટનો (એટલે વાયદાચિઠ્ઠીનો) અને ચેકનો સમાસ થાય છે એહેવું સમજવું.

(૨૦). નોટરી પબ્લિકે પોતાના હુદાનું કામ કરતી વખતે હર કાંઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજની પાછળ શેરો અથવા ટાંચણ અથવા મજકુર લખ્યો હશે અથવા તે ઉપર સહી કરી હશે તે દસ્તાવેજનો અથવા શેરાનો અથવા ટાંચણનો અથવા મજકુર લખ્યો હશે તેનો બોધ "નોટેરિયલ આકટ" આ શબ્દો ઉપરથી થાય છે એહેવું સમજવું; અને તે શબ્દોમાં નોટરી પબલિકનું કામ કરવાનો અખ્તિયાર જે કાન્સલને અથવા અટર્નીને (એટલે વકીલને) અથવા બીજા માણસને કાયદા પ્રમાણે મળેલો હશે તે કાન્સલે અથવા અટર્નીએ અથવા બીજા માણસે કરેલો અથવા સહી કરેલો તેઘાજ દસ્તાવેજ અથવા શેરો અથવા ટાંચણ અથવા મજકુર હશે તેનો સમાસ થાયછે એહેવું સમજવું.

(૨૧). "કાગળ" આ શબ્દમાં ચાંમડાંનો અથવા જે બીજા પદાર્થ ઉપર દસ્તાવેજ લખાય તેનો સમાસ થાય છે એહેવું સમજવું.

(૨૨). સ્થાવર મિલકતમાં જે માણસોનો એકાજતે અથવા મજીઆરો હક સંબંધ હશે અથવા ભાગિયો હોય તે સબબથી અથવા અવિભકત હિંદુ કુટંબનાં માણસો હોય તે સબબથી હક સંબંધ હશે તે માણસો જે દસ્તાવેજ ઉપરથી તે મિલકતના જુદા જુદા ભાગ પાડે છે અથવા ભાગ પાડવાનું કબુલ કરે છે તે દસ્તાવેજ એહેવો અર્થ "ડીડ આફ પાર્ટિશન" (એટલે વેહેચણનો લેખ) આ શબ્દનો સમજવો: અને તે શબ્દમાં "બટવડા" નો સમાસ થાય છે.

(૨૩). કોઈ માણસ સલામતીનો અવેજ લઇને વગર ધારેલી એટલે અદૃષ્ટાધીન વાતથી તોટો આવે અથવા નુકસાન લાગે અથવા કાંઇ પેચ આવે તેનો જોખમ બીજાને માથેથી ઉતારવાનું જે દસ્તાવેજ ઉપરથી કબુલ કરેછે તે દસ્તાવેજ એહેવો અર્થ "પાલિસી આફ ઇનસ્યુરેન્સ" આ શબ્દોનો સમજવો, અને તે શબ્દોમાં જીવના વિમાના ખતનો સમાસ થતો નથી.

(૨૪). દસ્તાવેજ કરી આપનારાં માણસની વતી કામ કરવાનો અખ્તિયાર જે દસ્તાવેજ ઉપરથી કોઈ માણસને મળતો હોય તેહેવા દરએક દસ્તાવેજનો સમાસ "પવર આફ અટર્ની" (એટલે મુખત્યાર નામું) આ શબ્દોમાં થાય છે એહેવું સમજવું; પણ તે શબ્દોમાં પ્રાક્સીનો સમાસ થાય છે એહેવું સમજવું નહીં.

(૨૫). જે દસ્તાવેજ ઉપરથી દસ્તાવેજ લખી આપનારો દસ્તાવેજમાં ઠરાવેલી મુદતે અથવા માગે એટલે અથવા દસ્તાવેજ દેખાડે એટલે રૂપિયાની નિયામત રકમ કાંઈ વાંધો કહાડ્યા વગર બીજાને આપવાનું કબુલ કરે તેહેવા દરએક દસ્તાવેજનો સમાસ "પ્રામસરી

નોટ" (એટલે વાયદાચિઠ્ઠી) આ શબ્દોમાં થાય છે એહેવું સમજવું.

(૨૬). "માલમિલકત" આ શબ્દનો અર્થ બ્રિટિશ ઈંડિયામાં જે માલમિલકત હોય તે માલમિલકત એહેવો સમજવો.

(૨૭). બિલ આફ એકસચેંજ (એટલે હુંડીપત્રી) અથવા પ્રામિસરી નોટ (એટલે વાયદાચિઠ્ઠી) સીકારવાની અથવા તેનો અવેજ આપવાની ના! કેહેવા બાબત નોટરી પબ્લિકે અથવા નોટરી પબલિકનું કામ કરવાનો અધિકાર જે બીજા અમલદારને મળ્યો હોય તે અમલદારે જે દાખલો લખ્યો હોય તે દાખલો એહેવો અર્થ "પ્રોટેસ્ટ" આ શબ્દનો સમજવો.

(૨૮). તોટાના હિસાબનો નિકાલ કરવા સારૂ અથવા આવરેજનો હિસાબ કરવા સારૂ વાંહાણના માસ્તરે વાંહાણની સફરની વિગતનો જે જે એકરાર લખીને તૈયાર કરયો હોય અને ચાર્ટરરે (એટલે નુરે વાંહાણ માંડનારે) વાંહાણમાં માલ નહીં ચઢાવ્યા બાબત અથવા કન્સૈનીએ (એટલે જેની ઉપર મોકલ્યો હોય તેણે) વાંહાણમાંથી માલ નહી ઉતાર્યા બાબત તેની ઉપર તેણે જે જે લખેલો એકરારકર્યો હોય તેનો સમાસ "વાંહાણના માસ્તરનો પ્રોટેસ્ટ" આ શબ્દોમાં થાયછે એહેવું સમજવું.

(૨૯). "પ્રાકસી" આ શબ્દનો અર્થ કોઈ માણસ કોઈ સભામાં પોતાની વતી મત આપવાનો અધિકાર જે દસ્તાવેજ ઉપરથી બીજાને આપેછે તે દસ્તાવેજ એહેવો સમજવો.

(૩૦). કોઈ માણસ બીજાની ઉપરનો દાવો અથવા હરકોઈ વિશેષ માલમિલકત ઉપરનો દાવો જે દસ્તાવેજ ઉપરથી મુકી દેછે તેહેવા દરએક દસ્તાવેજનો સમાસ "ફારગતી" આ શબ્દમાં થાયછે એહેવું સમજવું.

(૩૧). વાંહાણ ઉપર ચઢાવેલા અથવા ચઢાવવાના માલ ઉપર નાણું કહાડ્યું છે અને જે બંદરે માલ જવાનો છે તે બંદર પોહાંચશે તો નાણું પાછું આપશું એહેવા મજકુરના દરએક દસ્તાવેજનો સમાસ "રેસ્પાંડેન્સિયા બાંડ" (એટલે આવકની ચિઠ્ઠી) આ શબ્દોમાં થાય છે એવું સમજવું.

(૩૨). સેટલમેંટ આ શબ્દનો અર્થ વસિયતનામાં સિવાય જે બીજા દસ્તાવેજ ઉપરથી સ્થાવર અથવા જંગમ માલમિલકત જેને આપવી હોય તેને આપી દીધી હોય અથવા આપી દીધાનું કબુલ કર્યું હોય તે દસ્તાવેજ એહેવો સમજવો.

બાબ ૨ જો. આ આકટ પ્રમાણે લેવાનો સ્ટાંપનો કર.

૪. આ આકટને જોડેલા પેહેલા અને બીજા પરિશિષ્ટમાં જે જે દસ્તાવેજ કહ્યા છે અને જે સન ૧૮૭૦ ના જાન્યુઆરી મહિનાની પરિશિષ્ટમાં લખેલા કર લેવામાં

આવશે. પેહેલી તારિખે અથવા તે તારીખ પછી બ્રિટિશ ઇંડિયામાં કરવામાં આવશે.

અથવા તે તારિખે અથવા તે તારિખ પછી બ્રિટિશ ઇંડયા બાહાર કરવામાં આવશે પણ તે બ્રિટિશ ઇંડિયા માંહેની કાંઇ મિલકત બાબત હશે તો.

તે દસ્તાવેજના સ્ટાંપના યોગ્ય કરની જે રકમ આ આકટને જોડેલા પેહેલા અને બીજા પરિશિષ્ટમાં બતાવી છે તેટલી રકમ સ્ટાંપના કર તરીકે તે દરએક દસ્તાવેજ બાબત ઇંડિયા સરકારમાં આપવી પડશે.

કર શી રીતે લેવો.

૫. (અ.) જે દસ્તાવેજો બાબત આ આકટ પ્રમાણે એક આનો કર આપવો જોઇએ તે દસ્તાવેજો ઉપર અને બ્રિટિશ ઇંડિયા બાહાર લખેલાં બિલ આફ એક્સચેંજ ઉપર (એટલે હુંડીપત્રી ઉપર) તથા પ્રામિસરી નોટ ઉપર (એટલે બાનાચિઠ્ઠી ઉપર) તથા કંપનીઓના તથા આસોશિએશનના (એટલે મંડળીના) શેર (એટલે ભાગ) બીજાને નામે ચઢાવી આપવાના લેખ ઉપર આ આકટમાં આગળ કહેલા ઠરાવનું ધોરણ રાખીને વળગે તેહેવા સ્ટાંપ વાપરવાનો અધિકાર છે.

વળગે તેહેવા સ્ટાંપ.

મારેલા સ્ટાંપવડે.

(બ.) જે જે બીજા દસ્તાવેજ બાબત આ આકટ પ્રમાણે કર લેવો જોઈયે તે દસ્તાવેજનો કરાર કે કાગળ ઉપર તે દસ્તાવેજ લખેલો હોય તે કાગળ ઉપર ઇંડિયાના ગવરનર જનરલ ઇનકૌંસિલ જે કાનુનો વખતે વખતે કરશે તે કાનુનો પ્રમાણે કલેકટરે અથવા સ્ટાંપના સુપ્રીનટેનડેંટે મારેલા અથવા બીજી રીતે બતાવવામાં આવે તેમ કરવું.

કર કોણે આપવો.

૬. બીજી રીતનો કરાર નહીં હોય તો યોગ્ય સ્ટાંપ પૂરો પાડવાનો ખરચ.

૧ લો.—વીમાની પાલિસી (એટલે વીમાનું ખત) તથા ગીરવીખત તથા સેટલમેંટ તથા કનવેયન્સ તથા પટો અને અદલાબદલી અથવા ભાગ બરાબર થવા સારૂ નાણું આપીને અદલાબદલીનું ખત કર્યું હોય અથવા વેહેચણનો લેખ દસ્તાવેજ થયો હોય તે તથા કિંમતના અજમાસ બાબતનો લેખ તથા પંચનો ફેંસલો તથા નકલ; પછી તે બીજી નકલ હોય કે ઈતેખાબ હોય તે સિવાય આ આકટને જોડેલાં પેહેલા પરિશિષ્ટમાં કહેલો કોઈ દસ્તાવેજ હોય ત્યારે તે દસ્તાવેજ લખનારા અથવા કરનારા અથવા કરી આપનારા શખસે આપવો જોઇએ.

૨ જો.—વીમાની પાલિસી હોય ત્યારે જેણે વીમો ઉતરાવ્યો હોય તેણે આપવો જોઇએ

૩ જો.—સેટલમેંટ હોય ત્યારે તે દસ્તાવેજ કરી આપનારા શખ-

સે આપવો જોઇએ.

૪ થો. કનવેયન્સ અથવા ગીરવીખત અથવા પટો હોય ત્યારે ક-નવેયન્સ કરાવી લેનારાએ-અથવા ઘરેણે મુકનારે અથવા જેણે પટો લીધો હોય તેણે આપવો જોઇએ.

૫ મો.—પટાનો સામો લેખ હોય ત્યારે પટા આપનારે આપવો જોઇએ.

૬ ઠો.—વેહેંચણને લેખ હોય ત્યારે તે લેખના પક્ષકારેએ તે લેખમાં લખેલી માલમિલકતમાં પોતપોતાને હિસ્સો હોય તે પ્રમાણે આપવો જોઇએ.

૭ મો.—અદલાબદલીનું ખત હોય ત્યારે અદલાબદલી બરાબર થવા સારૂ નાણું આપ્યામાં આવે તો તે નાણું આપનારા શખ્સે આપવો જોઇએ.

૭. બિલ્સ આફ એકુસચેંજ ઉપર (એટલે હુંડી પત્રી ઉપર) આ આકટ ઉપરથી જે કર બેસાડયો છે તે હેઠળ લખેલા પ્રકારનાં સઘળાં બિલો બાબત આપવો જોઇએ એટલે (અ) બ્રિટિશ ઇંડિયામાં બિલો લખ્યાં હોય અને તેઓનો અવેજ તેજ મુલકમાં મળવાનો હોય તેઓ બાબત; અને (બ) બ્રિટિસ ઇંડિયામાં બિલો લખ્યાં હોય પણ તેઓનો અવેજ બ્રિટિસ ઇંડિયા બાહાર મળવાનો હોય તેઓ બાબત અને, (ક) બ્રિટિશ ઇંડયા બાહાર બિલો લખ્યાં હોય પણ બ્રિટિશ ઇંડિયામાં તે સીકારયાં હોય અથવા તેઓનું નાણું આપ્યું હોય અથવા તેઓની ઉપર શેરો લખ્યો હોય અથવા તે બીજાનાં નામ ઉપર કરયાં હોય અથવા તે બીજી રીતે વેચ્યાં હોય તેઓ બાબત આપવો જોઇએ. બિલ્સ આફ એકુસચેંજ ઉપર કર.

૮. બ્રિટિશ ઇંડિયા બાહાર લખેલું અને આ આકટમાં ફરમાવ્યા પ્રમાણે સ્ટાંપ જોઇએ તેવા સ્ટાંપ વગરનું બિલ આફ એકુસચેંજ એટલે (હુંડીપત્રી) અથવા પ્રામિસરી નોટ (એટલે વાયદાચિઠ્ઠી) જે શખ્સનો પાસે હોય તેણે તે સીકારવા સારૂ અથવા અવેજ મળવા સારૂ દેખાડયાં પેહેલાં અથવા તેની પાછળ શેરો લખ્યાં પેહેલાં અથવા તે બીજાનાં નામ ઉપર કરી આપ્યાં પેહેલાં અથવા બીજી રીતે વેચ્યાં પેહેલાં તે બિલ બાબત અથવા નોટ બાબત આ આકટ પ્રમાણે જે કર આપવો જોઇએ તે બતાવવા સારૂ વળગે તેવો યોગ્ય સ્ટાંપ કે સ્ટાંપો તે બિલ ઉપર અથવા નોટ ઉપર ચોઢવા જોઇયે. બ્રિટિશ ઇંડિયા બાહાર લખેલાં બિલો.

૯. દસ્તાવેજની સરત ઉપરથી વ્યાજ આપવાનું ખસુસ કરીને ઠરાવ્યું હોય ત્યારે તે દસ્તાવેજમાં વ્યાજ લખ્યું નહીં હોય તો તે દસ્તાવેજ બાબત જેટલો કર આપવો પડતે તે કરતાં વત્તો કર તે દસ્તાવેજ બાબત આપવો પડશે નહીં. વ્યાજ મળવાના દસ્તાવેજો.

૧૦. આ આકટ પ્રમાણે કર લેવા લાયક હરકોઇ દસ્તાવેજમાં લખેલો અવેજ અથવા દસ્તાવેજની રકમ, પૌંડ સ્ટર્લિંગ અથવા પૌંડ અવેજ પરરાજના નાણાંમાં લ-

આવ્યો હોય તે.

કરન્સી અથવા ફ્રાંક અથવા ડાલર, એહેવાં નાણામાં લખી હોય ત્યારે તે અવેજનો અથવા રકમનો હિસાબ આ આકટના કારણ સારૂ હેઠળ લખેલા પરિમાણ પ્રમાણે ગણવો:—

એક પૌંડ સ્ટર્લિંગ અથવા પૌંડ કરન્સી દશ રૂપીઆ બરાબર ગણવો.

સો ફ્રાંક, ચાળીસ રૂપીઆ બરાબર ગણવા.

એક મેકસિકન ડાલર અથવા સિનાઈ ડાલર સવા બે રૂપીઆ બરાબર ગણવો.

એક મારીસનો ડાલર, બે રૂપીઆ બરાબર ગણવો.

વિષયની કિંમત અનિયમિત હોય ત્યારે મરજીમાં આવે તે સ્ટાંપ વાપરવો.

૧૧. જે બાંડ ઉપર અથવા ગીરવી ખત ઉપર અથવા સેટલમેંટ ઉપર આ આકટ પ્રમાણે કિંમત મુજબ સ્ટાંપનો કર બેસેછે અને જે બાબત છઠ્ઠી કલમમાં કહ્યું છે અથવા લખ્યું છે તે બાંડના અથવા ગીરવી ખતના અથવા સેટલમેંટના વિષયની રકમ અથવા કિંમત નક્કી થતી નહીં હોય ત્યારે તે દસ્તાવેજ ઉપર યોગ્ય સ્ટાંપ કેટલો જોઈએ તે સ્ટાંપ પૂરો પાડવાનો ખરચ સદરહુ કલમ પ્રમાણે જે માણસને આપવાની જરૂર છે તે માણસને ઠરાવવાનો અધિકાર છે. પણ એહેવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રમાણે છુટ આપી છે તે ઉપરથી જે સ્ટાંપ વાસ્તવિક રીતે વાપર્યો હોય તે સ્ટાંપ તે જાતના દસ્તાવેજમાં રકમ અથવા કિંમત લખી હોય તો મ્હોટામાં મ્હોટી જે રકમ બાબત અથવા કિંમત બાબત પૂરેપૂરો હોત તે રકમ કરતાં અથવા કિંમત કરતાં કાંઈ વસ્તું સદરહુ પ્રકારના દસતાવેજ ઉપરથી વસુલ કરી શકાશે નહીં.

આન્યુઇટી આપવા બાબતનાં બાંડ વગેરે.

૧૨. આન્યુઇટી[1] આપવા બાબત અથવા અનિયમિત કાળ સુધી મુદતેને મુદતે બીજી કાંઇ રકમ આપવા બાબત જે રકમનું બાંડ અથવા પ્રાંમિસરી નોટ (એટલે વાયદાચિઠ્ઠી) અથવા ગીરવીખત હોય તે સઘળી રકમ આ આકટના કારણ સારૂ વરસ દાહાડે જેટલો અવેજ આપવાનો હોય તેથી દસગણી સમજવી.

અવેજ આન્યુઇટી હોય.

કન્વેયન્સનો અવેજ આન્યુઇટી હોય અથવા અનિયમિત કાળસુધી મુદતેને મુદતે આપવાની બીજી કાંઇ રકમ હોય ત્યારે તે અવેજ આ આકટનાં કારણ સારૂ વરસ દહાડે જેટલો અવેજ આપવાનો હોય તેથી દસગણો સમજવો.

એક કામમાં વાપરેલા ઘણા દસ્તાવેજો.

૧૩. ગીરવી ખત અથવા સેટલમેંટ અથવા કન્વેયન્સ અથવા પટો કરી આપવાનું કામ પૂરું કરવા સારૂ એક કરતાં વધારે દસ્તાવેજો કરી આપવાની જરૂર હોય ત્યારે તે ગીરવી ખતને અથવા સેટલમેંટને અથવા કન્વેયન્સને અથવા પટાને આ આકટ પ્રમાણે યોગ્ય સ્ટાંપ જોઇયે તે તે કામમાં જે મુખ્ય દસ્તાવેજ કર્યો હોય તે ઉપર જોઇયે અને બા-

૧ આન્યુઇટી એટલે માણસ બીજાને ઠરાવેલી રકમ વરસોવરસ આપેછે તે રકમ.

કીના બીજા દરએક દસ્તાવેજને એક એક રૂપીઆનો સ્ટાંપ જોઇએ.

આ કલમનાં કારણ સારૂ સદહું પ્રકારના દસ્તાવેજોમાંથી મુખ્ય દસ્તાવેજ કયો સમજવો તે પક્ષકારોએ માંહોમાંહે ઠરાવવો. પણ એવું ઠરાવ્યું છે કે દસ્તાવેજોને આ આકટ પ્રમાણે જુદા જુદા દર પ્રમાણે કર બેસતો હોય ત્યારે જે દસ્તાવેજને સઘળા કરતાં વત્તા દર પ્રમાણે કર બેસતો હોય તે દસ્તાવેજને મુખ્ય દસ્તાવેજ સમજવો.

ત્રીજી કલમ માંહેની બે અથવા વત્તી વ્યાખ્યા પ્રમાણે જે દસ્તાવેજોનો અર્થ થતો હોય તે દસ્તાવેજો.

૧૪. ત્રીજી કલમ માંહેની બે અથવા વત્તી વ્યાખ્યા લાગુ થાય તેવી રીતે દસ્તાવેજ તૈયાર કર્યો હોય ત્યારે તે દસ્તાવેજ બાબત કર આપવો પડે તે તે વ્યાખ્યા જે દસ્તાવેજોને લાગુ હોય તે દસ્તાવેજો બાબત આ આકટ પ્રમાણે જુદા જુદા દર પ્રમાણે કર બેસતો હોય તો તે દરોમાંથી સઘળાં કરતાં જે દર ઊંચો હશે તે દર પ્રમાણે કર આપવો પડશે.

પણ એવું ઠરાવ્યું છે કે બે અથવા વત્તા વિષય જુદા જુદા અવેજ લઇને વેચાણ કરી આપવા બાબત અથવા પટે આપવા બાબત અથવા આપવા બાબત અથવા ઘરેણે મુકવા બાબત એકજ દસ્તાવેજ હોય ત્યારે

અથવા એક વિષય વેચાણ કરી આપવા બાબત અથવા પટે આપવા બાબત અથવા આપવા બાબત અને બીજો વિષય ઘરેણે મુકવા બાબત એકજ દસ્તાવેજ હોય ત્યારે.

સદહું પ્રમાણે વેચાણ અથવા પટો અથવા બક્ષીસ કરી આપવાના અથવા ઘરેણે મુકવાના જુદા જુદા દસ્તાવેજ કરી આપવાને આ આકટ પ્રમાણે જે કર બેસતો હોય તે સઘળો કર મળીને કુલ એકંદર જેટલો કર થતો હશે તેટલો કર તે દસ્તાવેજ બાબત બેસશે.

જે દસ્તાવેજોને કરની માફી છે તે દસ્તાવેજો.

૧૫. આ આકટના કોઈ ઠરાવ ઉપરથી નીચે લખેલા દસ્તાવેજો ઉપર કર બેસશે એવું સમજવું નહીં.

(૧). જે જમીનનું મેહેસુલ સરકારમાં આવતું હોય તે જમીનના અથવા મદ્રાસ અને મુંબઈ ઇલાકા માંહેની ઇનામી જમીનના ધારા બાબત ખેડુતને આપેલી પોહોંચ અથવા ફારગતી.

(૨). હર કોઈ બ્યાંકમાં અથવા પેહેડીવાળાને ત્યાંહાં અથવા પેહેડીવાળાની પેઠે કામ કરનાર બીજા શખસને ત્યાંહાં નાણું અથવા નાણાની સિક્યુરિટિ (એટલે દસ્તાવેજ) મુક્યા હોય તેનો હિસાબ આપવો હોય તે નાણાં બાબતની અથવા સિક્યુરિટિ બાબતની પોહોંચ.

પણ એવું ઠરાવ્યું છે કે જે માણસને તેનો હિસાબ આપવો હોય તે માણસ સિવાય બીજા માણસ પાસેથી તે નાણું અથવા સિક્યુરિટિ પોહોંચી એવું તે પોહોંચમાં લખવું નહીં.

અને વળી એવું ઠરાવ્યું છે કે કોઈ કંપની અથવા આસોશિએશન (એટલે મંડળી) કાહાડી હોય અથવા કાહાડવાની હોય તેના શેર (એટલે પાંતી) વેહેંચી આપવાનાં પત્ર ઉપરથી અથવા સ્ક્રિપ[1]ના અ-

---

[1] સ્ક્રિપ એટલે શેરનો (એટલે મંડળીની પાંતીનો) દાખલો.

થવા શેરના કાલ બાબત ભરેલા અથવા અનામત મુકેલાં નાણાની પોંહોંચોને આ માફી લાગુ નથી એવું સમજવું.

(૩). દસ્તાવેજ કરી આપવાની તારિખે બ્રિટિશ ઇંડિયામાં જે કાયદો ચાલુ હોય તે કાયદા પ્રમાણે તે દસ્તાવેજ ઉપર યોગ્ય સ્ટાંપ હોય ત્યારે તે દસ્તાવેજમાં લખેલો અવેજ પોહોંચ્યો એવા મજકૂરની અથવા તે દસ્તાવેજ ઉપરથી મળવાના મુદલ રૂપીયા અથવા વ્યાજ અથવા આન્યુઈટી અથવા મુદતેને મુદતે મળવાનો બીજો અવેજ પોંહોંચ્યો એવા મજકુરની તે દસ્તાવેજ ઉપર અથવા તે દસ્તાવેજમાં લખેલી પોહોંચ અથવા ફારગતી.

(૪). વેચાય તેવા દસ્તાવેજની અથવા દરિયાના કે આગના વીમાની પાલિસીની પાછળ શેરો લખીને તે બીજાના નામ ઉપર કરવાના લેખ.

(૫). બિલ આફ એક્સચેંજ (એટલે હુંડીપત્રી) ની સાથેનું લેટર[1] આફ હૈપાથિકેશન.

(૬). ઇંડિયા સરકારની સિક્યુરિટિ[2] બીજાના નામ ઉપર કરી આપવાના લેખ.

(૭). જે હુદાનો પગાર મળતો હોય તે હુદાનું કામ યોગ્ય રીતે કરવા બાબત સરકારને લખી આપેલું બાંડ.

(૮). માલ અથવા વેપારની જનસ વેચવાનું અથવા વેચવા બાબતનું કરારનામું અથવા કરારનામાની યાદી.

(૯). એકુતને (કરી) આપેલો પટો પણ તે પટા બાબત ફૈન[3] અથવા પ્રિમિયમ[4] આપ્યું નહીં હોય તો.

(૧૦.) સદહુ પ્રકારના પટાનો સામો લેખ.

(૧૧.) એકુતે જમીન મુકી દીધા બાબત જમીનના ધણીને કરી આપેલો લેખ.

(૧૨.) કોઈ માણસને પેનશન અથવા ધર્માદાય નેમણુક મળવાના કામ સારૂંજ કરેલી આફિડેવિટ.

(૧૩.) જે કાગળની નકલ સરકારી અમલદારને પોતાના હુદ્દાના સબબથી કરવાની અથવા આપવાની કાયદા પ્રમાણે જરૂરછે તે નકલ.

---

૧ લેટર આફ હૈપાથિકેશન એટલે જંગમ માલ કબજામાં આપ્યા વગર ગીરવી મુકવાનું ખત.

૨ સિક્યુરિટિ એટલે નાણું આપવા બાબતના દસ્તાવેજ.

૩ ફૈન એટલે હર કંઈ સ્થાવર મિલકત વહિવટમાં લેવા સારૂ નવો પટો કરે ત્યારે તે મિલકતના ધણીને શેલાં પાગડીના અથવા નજરાણાના રૂપીયા આપે છે તે.

૪ પ્રિમિયમ એટલે હર કંઈ સથાવર મિલકત વહિવટમાં લેવા સારૂ નવો પટો કરે ત્યારે તે મિલકતના ધણીને શેલા પાગડીના અથવા નજરાણાના રૂપીયા આપે છે તે.

(૧૪.) અસલ દસ્તાવેજ જે માણસને સ્વાધીન હોય તેજ માણસના અથવા તેના કૌન્સલના અથવા અટર્નીના અથવા વકીલના ખાનગી કામ સારૂ તેની નકલો કરી હોય તો.

(૧૫.) આ માફી નહીં હોત તો, સરકારે અથવા સરકારની તરફથી જે પોહોંચો અથવા બીજા દસ્તાવેજો લખી આપ્યા હોય તે પોહોંચો બાબત અથવા દસ્તાવેજો બાબત સરકારને સ્ટાંપ આપવો પડતે તે પોહોંચો અથવા બીજા દસ્તાવેજો.

(૧૬.) વીમાની પાલિસી કરી આપવા બાબતનું લેટર આફ કવર અથવા એંગેજમેંટ (એટલે વીમાનો કબાલો.)

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારની વીમાની પાલિસીને આ આકટમાં જેટલો સ્ટાંપ કહ્યોછે તેટલોસ્ટાંપ સદરહુ પ્રકારના કબાલાને નહીં હશે તો તે ઉપરથી કાંઈ વસુલ લઈ શકાશે નહીં, અથવા તેમાં લખેલી વીમાની પાલિસી કરાવી લેવાનાં કામ સિવાય બીજા કાંઈ કામ સારૂ તે કબાલો ચાલશે નહીં.

૧૬. આ આકટને જોડેલા પેહેલા અને બીજા પરિશિષ્ટમાં કહેલા સઘળા દસ્તાવેજો ઉપર અથવા તે માંહેના કેટલાએક દસ્તાવેજો ઉપર અથવા સદરહુ પ્રકારના દસ્તાવેજોમાંથી ફલાણા વર્ગના દસ્તાવેજો ઉપર અથવા તે વર્ગના ફલાણા ફલાણા દસ્તાવેજો ઉપર અથવા સદરહુ પરિશિષ્ટમાં કહેલા કાંઈ દસ્તાવેજો ફલાણા વર્ગના માણસોએ કે માણસોને અથવા તે વર્ગના કાંઈ માણસોએ કે માણસોને કરી આપ્યા હોય અથવા આપ્યા હોય તે દસ્તાવેજો ઉપર આ આકટ પ્રમાણે કર બેસેછે તે ઈંડિયા ગ્યાઝેટમાં હુકમ છપાવીને આખા બ્રિટિશ ઈંડિયામાં અથવા તેના હરકોઈ ભાગમાં વખતે વખતે ઓછો કરવાને અથવા માફ કરવાને ઈંડિયાના ગવરનર જનરલ ઈન કૌંસિલ મુખત્યાર છે. સ્ટાંપના કરનો દર ઓછો કરવાનો અધિકાર.

અને આ કલમ પ્રમાણે જેટલો અધિકાર આપ્યો છે તેટલા અધિકાર સુધી તે હુકમ તેજ પ્રમાણે રદ કરવાને અથવા તેમાં ફેરફાર કરવાને તેઓ મુખત્યાર છે.

એ પ્રમાણે હુકમ રદ કરવાની અથવા ફેરફાર કરવાની દરએક વાત ઈંડિયા ગ્યાઝેટમાં છપાવીને પ્રસિધ્ધ કરવી જોઈએ.

૧૭. સન ૧૮૬૭ ના ૨૬ મા આકટની ૬ ઠી કલમ પ્રમાણે અથવા ઈનસાફના કામમાં વાપરવાના સ્ટાંપ બાબતના બીજા કોઈ આકટ પ્રમાણે સ્ટાંપનો કર બેસે છે તેને આ બાબના અથવા આકટને જોડેલા પરિશિષ્ટના કોઈ ઠરાવથી હરકત થાયછે એવું સમજવું નહીં. ઇનસાના કામ માંહેના સ્ટાંપનો દર કાયમ રાખ્યોછે.

બાબ ૩ જો.—વગર સ્ટાંપના અથવા ઓછી કિંમતના (સ્ટાંપના કાગળ ઉપરના) દસ્તાવેજો.

૧૮ (અ). જે દસ્તાવેજ બાબત સ્ટાંપનો કર બેસે છે તે દસ્તા- જે દસ્તાવેજો ઉ

પર યોગ્ય સ્ટાંપ ન હો હોય તે પુરાવામાં લેવા નહીં.

વેજ કરી આપતી વખતે બ્રિટિશ ઇંડિયામાં જે કાયદો ચાલુ હોય તે કાયદા પ્રમાણે તે દસ્તાવેજ બાબત જે કર આપવો જોઇએ તે કરની રકમ કરતાં ઓછો નહીં હોય તેટલી કિંમતનો સ્ટાંપ તે ઉપર નહીં હશે તો તે ઉપરથી કાંઈ હક અથવા કાંઈ કામ કરવાની જરૂરી પેદા થાય છે અથવા તેમાં કાંઈ ફેરફાર થાય છે અથવા તે બીજાને મળે છે અથવા ડુબે છે અથવા કાંઈ હક અથવા કાંઈ કામ કરવાની જરૂરી પેદા થવાની અથવા તેમાં ફેરફાર થવાની અથવા તે બીજાને મળવાની અથવા ડુબી જવાની મતલબને તે દસ્તાવેજ છે એ રીતે તે દસ્તાવેજ ઇનસાફની કોઈ કોર્ટમાં અથવા જે માણસને કાયદાની રૂએ કે પક્ષકારોના અનુમતથી પુરાવો લેવાનો અધિકાર હોય તેણે લેવો નહીં.

અથવા કોઈ દિવાની કામમાં પુરાવામાં લેવો નહીં.

અથવા સદહુ કોર્ટમાં અથવા સદહુ પ્રકારના કોઈ માણસે અથવા કોઈ સરકારી અમલદારે તે પ્રમાણે વહિવટ કરવો નહીં.

અથવા ખત પત્રો નોંધવા બાબતના હર કોઈ કાયદા પ્રમાણે ચાલનારા હર કોઈ અમલદારે અથવા હર કોઈ સરકારી કચેરીમાં તે નોંધવો નહીં.

અથવા તે ખરો છે એ રીતે તે ઉપર કોઈ સરકારી અમલદારે સહી કરવી નહીં.

ફોજદારી કામ શિવાય.

(બ.) જે જે દસ્તાવેજને સ્ટાંપનો કર લાગુ હોય તે ઉપર કાયદા પ્રમાણે જે સ્ટાંપની જરૂર હોય તે સ્ટાંપ મારયો નહીં હોય અથવા ચોડ્યો નહી હોય તોપણ તે દસ્તાવેજ (ફોજદારી ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કામ ચલાવ્યું હોય તે સિવાય) બીજા હર કોઈ ફોજદારી કામમાં પુરાવામાં લેવો.

વગર સ્ટાંપનું અથવા સ્ટાંપ રદ કર્યા વગરનું ફારેનો બિલ.

૧૫. જે બિલ આફ એકસચેંજને (એટલે હુંડીપત્રીને) અથવા પ્રામિસરી નોટને (એટલે વાયદાચિઠ્ઠીને) આઠમી કલમ પ્રમાણે સ્ટાંપની જરૂર હોય તેવું બિલ આફ એકસચેંજ અથવા પ્રામિસરી નોટ કોઇ માણસ રૂપીયાના અવેજમાં લેશે અથવા રૂપીયાના તારણમાં રાખશે અથવા વેચાતું લેશે અથવા બીજી રીતે લેશે તે વખતે તે ઉપર યોગ્ય સ્ટાંપ ચોઢેલો હશે અને તે આ આકટમાં કહેલી રીતે રદ કરેલો હશે તોજ તે ઉપરથી અવેજ વસુલ કરવા બાબત અથવા હર કાંઈ કારણસર તેનો ઉપયોગ કરવા બાબત તેનો દાવો ચાલશે. છબિસમી કલમના ઠરાવ તે બીલને અથવા પ્રામિસરી નોટને લાગુ થશે.

---

૧ ફારેન બિલ આફ એકસચેંજ એટલે હિંદુસ્થાન માંહેના અંગ્રેજ સરકારના મુલક બાહાર હુંડી લખી હોય તેનો અવેજ હિંદુસ્થાન માંહેના અંગ્રેજ સરકારના મુલકમાં અથવા મુલક બાહાર મળવાનો હોય તે હુંડી; અથવા હિંદુસ્થાન માંહેના અંગ્રેજ સરકારના મુલકમાં હુંડી લખી હોય તેનો અવેજ તે મુલક બાહાર મળવાનો હોય તે હુંડી.

૨૦. જે દસ્તાવેજને સ્ટાંપનો કર લાગુ હોય તેવો દસ્તાવેજ કરી આપતી વખતે બ્રિટિશ ઈંડિયામાં જે કાયદો ચાલુ હોય તે કાયદા પ્રમાણે તેને જે સ્ટાંપની જરૂર હોય તે સ્ટાંપ વગરના કાગળ ઉપર તે દસ્તાવેજ કર્યો હોય તે દિવાની કોર્ટમાં હાજર કરવામાં આવે ત્યારે તે દસ્તાવેજ યોગ્ય સ્ટાંપના કાગળ ઉપર કરવાની ચુક થઈ તે યોગ્ય કર આપવો નહીં પડે એવા ઇરાદાથી થઈ નથી એવી કોર્ટની ખાત્રી થશે અને સદરહું કર આપશે અથવા દસ્તાવેજ અધુરી કિમતના સ્ટાંપના કાગળ ઉપર હશે તો તે દસ્તાવેજ બાબત જેટલો કર આપવો જોઇએ તેટલો પુરો થાય તેટલા પૈસા આપશે.

વગર સ્ટાંપના અથવા ઓછી કિંમતના સ્ટાંપના કાગળ ઉપરના દસ્તાવેજ બાબત દિવાની કોરટનો અધિકાર.

અને હેઠળ લખેલી રકમ દંડ બાબત આપશે એટલે,

તે દસ્તાવેજ ઉપર સહી થયાની તારીખથી એક વરસની અંદર તે દસ્તાવેજ હાજર કર્યો હશે તો સ્ટાંપના યોગ્ય કરથી પાંચગણો દંડ અથવા સદરહું પ્રકારની ભરતી કરવાને જેટલા પૈસા જોઇતા હોય તેથી પાંચ ગણો દંડ આપે એટલે અથવા સદરહું તારીખથી એક વરસ પછી તે દસ્તાવેજ હાજર કર્યો હશે તો વીસગણો દંડ આપે એટલે,

દંડ.

તે દસ્તાવેજ બાબત સ્ટાંપનો યોગ્ય કર લીધો એવો શેરો તે દસ્તાવેજ ઉપર તે કોર્ટે કરવો. પણ એવું ઠરાવ્યુંછે કે સદરહું દંડ એક હજાર રૂપિયા કર્તાં વત્તો લેવો નહીં.

સદરહું પ્રકારના દસ્તાવેજ બાબત સ્ટાંપનો કર લેવો હોય તે કરની રકમ બાબત સદરહું દાખલો નકી પુરાવોછે એવું સમજવું. અને પછી સદરહું દસ્તાવેજ પેહેલ વેહેલાંજ યોગ્ય સ્ટાંપના કાગળ ઉપર કર્યો હોત તો તે જે પ્રમાણે લેવામાં આવત તેજ પ્રમાણે તે લેવા લાયક થશે.

૨૧ (અ). સદરહું પ્રમાણે અવેજ આવ્યો હોય તે વાત તથા તે અવેજની રકમ, કોર્ટમાં એક ચોપડી રાખીને તેમાં દાખલ કરવી, અને જે દસ્તાવેજ બાબત અવેજ આવ્યો હોય તે દસ્તાવેજની પીઠ ઉપર પણ શેરો લખવો અને તે શેરા ઉપર અધ્યક્ષની જગાએ બેસનારા અમલદારે સહી કરવી.

દિવાની કોર્ટાએ જે અવેજ તથા દંડ લીધો હોય તેની નોંધ.

(બ). એ પ્રમાણે પોતાની પાસે કાંઈ રૂપીયા આવ્યા હોયતો કોર્ટે દર મહિનાની આખરે તેનું પત્રક કલેકટરને મોકલવું. તે પત્રકમાં દંડના રૂપીઆ આવ્યા હોય તે, તથા કરના રૂપીયા આવ્યા હોય તે વિગતવાર જુદા જુદા લખવા. અને મુકદમાનો નંબર તથા મથાળું, અને જે પક્ષકારના પાસેથી તે રૂપીયા આવ્યા હોય તેનું નામ અને તે દસ્તાવેજ ઉપર તારીખ હોય તો તે તારીખ તથા દસ્તાવેજનો પ્રકાર લખવો.

કલેકટરને પત્રકો મોકલવાં.

(ક). કોર્ટે તે રૂપીયા કલેકટરને ત્યાંહાં અથવા કલેકટર તે રૂપીયા લેવા સારૂ જે માણસને વખતે વખતે નીમે તેને ત્યાંહાં ભરવા.

કલેકટરને ત્યાંહાં રૂપિયા ભરવા.

૨૨. હરકોઇ દિવાની અથવા ફોજદારી કોર્ટમાં કાંઇ દસ્તાવેજ

દિવાની અથવા

ફોજદારી કોરટમાં વગર સ્ટાંપના કાગળ ઉપરના દસ્તાવેજો અટકાવી રાખવા બાબત.

ફેલ કરયો હોય અથવા પુરાવામાં આપ્યો હોય તે દસ્તાવેજ કરી આપતી વખતે બ્રિટિશ ઇંડિયામાં જે કાયદો ચાલુ હોય તે કાયદા પ્રમાણે સ્ટાંપનો કર આપવાની જરૂર હતી તે આપવો નહીં પડે એવા ઇરાદાથી વગર સ્ટાંપના અથવા ઓછી કિમતના સ્ટાંપના કાગળ ઉપર કરયોછે એવું તે કોર્ટની નજરમાં આવશે તો તે દસ્તાવેજ અટકાવી રાખીને કલેકટરની પાસે મોકલવાનો તે કોર્ટને અધિકાર છે. પછી તે કલેકટરે તે ગુન્હેગારની ઉપર કામ ચલાવવું.

વગર સ્ટાંપના કાગળ ઉપરના દસ્તાવેજો સરકારી કચેરીમાં અટકાવી રાખવા બાબત.

૨૩. કાંઈ દસ્તાવેજ કોઈ નોંધનારા અમલદારની આગળ અથવા દિવાની કે ફોજદારી કોર્ટ સિવાય બીજી કોઈ સરકારી કચેરીમાં હાજર કરવામાં આવે ત્યારે તે દસ્તાવેજ કરી આપતી વખતે બ્રિટિશ ઇંડિયામાં જે કાયદો ચાલુ હોય તે કાયદા પ્રમાણે તે દસ્તાવેજને સ્ટાંપનો કર લાગુ હતો પણ તે કાયદામાં તે દસ્તાવેજને સારૂ જેટલી કિમતનો સ્ટાંપ કહેલોછે તેટલી કિમતનો અથવા તે કરતાં વત્તી કિંમતનો સ્ટાંપ તે દસ્તાવેજ ઉપર નથી એવું તે નોંધનારા અમલદારની અથવા સદર્હુ સરકારી કચેરીના મુખ્યની નજરમાં આવે તો તેણે તે દસ્તાવેજ અટકાવી રાખીને તાબડતોબ કલેકટરની પાસે મોકલવો.

વગર સ્ટાંપના અથવા ઓછી કિંમતના સ્ટાંપના કાગળ ઉપરના દસ્તાવેજો બાબત કલેકટરનો અધિકાર.

કામ ચલાવવું.

૨૪ (અ). ઓગણચાળીસમી કલમ પ્રમાણે નિકાલ કરાવી લેવાનાં કારણ સિવાય બીજા કાંઇ કારણ સારૂ કાંઈ દસ્તાવેજ કલેકટરની આગળ હાજર કરયો હોય અથવા તેવીસમી કલમ પ્રમાણે તેની પાસે મોકલ્યો હોય ત્યારે તેણે વીસમી કલમના ઠરાવ પ્રમાણે કામ ચલાવવું. અને તે કલમ ઉપરથી દિવાની કોરટને અધિકાર આપ્યોછે. તે ચલાવવો અથવા સ્ટાંપનો યોગ્ય કર આપવો નહીં પડે તેમ કરવાના ઇરાદાથી તે દસ્તાવેજ વગર સ્ટાંપના અથવા ઓછી કિમતના સ્ટાંપના કાગળ ઉપર કરયોછે એવું તેની નજરમાં આવે તો જે માણસોએ તે દસ્તાવેજ કરી આપ્યો હોય તે સઘળાં માણસોની ઉપર અથવા તેઓમાંથી પોતાને યોગ્ય જણાય તેટલાંની ઉપર કામ ચલાવવું.

અથવા તે દસ્તાવેજની ઉપર યોગ્ય સ્ટાંપછે અથવા તે દસ્તાવેજ કરી આપતી વખતે બ્રિટિશ ઇંડિયામાં જે કાયદો ચાલુ હોય તે કાયદા પ્રમાણે તે દસ્તાવેજને સ્ટાંપનો કર લાગુ નથી એવું તેની નજરમાં આવે તો તે ઉપર યોગ્ય સ્ટાંપછે અથવા સદર્હુ પ્રમાણે તેને સ્ટાંપનો કર લાગુ નથી એવો શેરો તેણે તે ઉપર પ્રસંગ પ્રમાણે લખવો, અને પછી તેણે તે દસ્તાવેજ જે નોંધનારા અથવા બીજા સરકારી અમલદારે મોકલ્યો હોય તેને અથવા જે માણસે તે હાજર કરયો હોય તેને પાછો આપવો. અને તે ઉપર યોગ્ય સ્ટાંપછે અથવા તેને સ્ટાંપનો કર લાગુ નથી એવું (પ્રસંગ પ્રમાણે) સમજવું. પણ ચાળીસમી કલમના ઠરાવ તે દસ્તાવેજને લાગુછે એવું સમજવું.

દંડની માફી.

(બ). પણ એવું ઠરાવ્યું છે કે જે પ્રસંગને આ કલમ લાગુ હોય

તે પ્રસંગે અને દસ્તાવેજ કરી આપ્યાની તારીખથી તે દસ્તાવેજ એક વરસની અંદર કલેકટરની આગળ હાજર કર્યો હોય અથવા જે સરકારી અમલદારે તે ત્રેવીસમી કલમ પ્રમાણે કલેકટરના પાસે મોકલ્યો હોય તે અમલદારની આગળ હાજર કર્યો હોય અને તે દસ્તાવેજ ઉપર સહી કરી આપ્યા પેહેલાં અથવા તે દસ્તાવેજ કરી આપ્યા પેહેલાં તે ઉપર કંઇ ઈતિફાકથી અથવા ચુકથી અથવા નજર ચુકથી અથવા ઘણીજ જરૂરીના સબબથી યોગ્ય સ્ટાંપ મરાયો નથી એવી કલેકટરની ખાત્રી થશે તો વીસમી કલમમાં કહેલો દંડ સઘળો અથવા તેનો કાંઈ ભાગ માફ કરવાને તે મુખ્ત્યાર છે.

(ક). અને વળી એવું ઠરાવ્યું છે કે આ કલમમાં કહેલો કોઈ પ્રસંગ હોય અને બિલ આફ એકસચેંજ (એટલે હુંડીપત્રી) અથવા પ્રામિસરી નોટ (એટલે વાયદાચિઠ્ઠી) સિવાય બીજો કંઈ દસ્તાવેજ બ્રિટિશ ઈંડિયા બાહાર થયેલો હોય તે તેજ પ્રમાણે થયેલો છે અને તે બ્રિટિશ ઈંડિયામાં આવી પોંહોચ્યાની તારીખથી ત્રણ મહિનામાં હમારી આગળ હાજર થયો છે એવી કલેકટરની ખાત્રી થાય તો તે દસ્તાવેજ બ્રિટિશ ઈંડિયામાં થયો હોત તો તેને જે કર લાગુ હોત તે કર આપે એટલે તે દસ્તાવેજ બાબત સ્ટાંપનો યોગ્ય કર આપ્યો છે એવો શેરો તેણે તે દસ્તાવેજની પાછળ લખવો.

(ડ). સદહું પ્રકારના દસ્તાવેજ બાબત સ્ટાંપનો કર આપવો હોય તે કરની રકમ બાબત સદહું પ્રકારનો દાખલો નક્કી પુરાવો સમજવો. પછી તે દસ્તાવેજ યોગ્ય સ્ટાંપના કાગળ ઉપર પેહેલવેહેલાંજ થયા હોત તો જે પ્રમાણે લેવામાં આવત તેજ પ્રમાણે તે લેઇ શકાશે. પણ સદહું પ્રકારના દાખલાને ચાળીસમી કલમના ઠરાવ લાગુ છે એવું સમજવું.

૨૫. વીસમી કલમ પ્રમાણે કામ ચલાવવાનું કલેકટરની નજરમાં આવે ત્યારે તેણે દંડ કર્યો હોય તો તે કલમમાં કહ્યા પ્રમાણે તેણે તે દસ્તાવેજની પાછળ શેરો લખવો અથવા તેણે દંડ સઘળો માફ કર્યો હોય તો તે પ્રમાણે દસ્તાવેજની પાછળ શેરો લખવો, અને પછી જે નોંધનારા અથવા બીજા સરકારી અમલદારે તે દસ્તાવેજ મોકલ્યો હોય તેને અથવા જે માણસે તે હાજર કર્યો હોય તેને પાછો આપવો.

જે દસ્તાવેજ બાબત કલેકટર દંડ લે છે તે દસ્તાવેજ કાયદાસર જાણવો.

પછી સદહું દસ્તાવેજ યોગ્ય સ્ટાંપના કાગળ ઉપર પેહેલવેહેલાંજ લખ્યો હોત તો તે જે પ્રમાણે કાયદાસર ગણાત તેજ પ્રમાણે કાયદાસર ગણાશે અને કાયદાસર છે એવું સમજવું. પણ તેને ચાળીસમી કલમના ઠરાવ લાગુ છે એવું સમજવું.

૨૨ મી અથવા ૨૩ મી અથવા ૨૪ મી અથવા ૨૫ મી

બાવીસમી અથવા ત્રેવીસમી અથવા ચોવીસમી કલમ પ્રમાણે અથવા આ કલમના પેહેલા ભાગ પ્રમાણે મોકલેલો અથવા પાછો આપેલો કંઇ દસ્તાવેજ રસ્તામાં ખોવાઇ જાય અથવા તેનો નાશ થાય

કલમ પ્રમાણે મોકલેલા દસ્તાવેજ ખોવાઈ જાય તે બાબત.

અથવા તેને નુકશાન લાગે તો તે ખોવાઈ ગયા બાબતનો અથવા તેનો નાશ થયા બાબતનો અથવા તેને નુકશાન લાગ્યા બાબતનો જોખમ તે દસ્તાવેજ મોકલનારી અથવા પાછો આપનારી કોરટને અથવા અમલદારને માથે નથી.

જે દસ્તાવેજો બાબત સ્ટાંપનો કર એક આનો બેસે તે દસ્તાવેજો ઉપર સ્ટાંપ મારવાનો અધિકાર.

૨૬. (અ). માગે એટલે પેહેડીવાળાએ અથવા પેહેડીવાળાની પેઠે જે માણસ કામ કરતો હોય તેણે અવેજ આપવા બાબતનું અને આ આકટ પ્રમાણે એક આનાનો કર બેસે છે તેવું વગર સ્ટાંપનું કંઈ બિલ આફ એકસચેંજ (એટલે હુંડીપત્રી) અથવા પ્રામિસરી નોટ (એટલે વાયદાચિઠ્ઠી) અથવા ચેક[1] અથવા આર્ડર[2] તેની પાસે આવે ત્યારે જરૂર હોય તે વળગે તેવો સ્ટાંપ તેણે તે ઉપર ચોઢીને આ આકટમાં કહેલી રીતે રદ કરવો, અને એ પ્રમાણે કર્યું એટલે તે કર જે માણસે આપવો જોઈતો હતો તે માણસને ખાતે ઉધારવો; અથવા જે રકમ આપવાનો સદહું પ્રમાણે હુકમ ફરમાવ્યો હોય તે રકમમાંથી તે કર કાપી લેવો.

(બ). સદહું બિલ એટલે (હુંડી) અથવા પ્રામિસરી નોટ (એટલે વાયદાચિઠ્ઠી) અથવા ચેક અથવા આર્ડર સ્ટાંપના કર બાબત માત્ર કાયદાસર છે એવું સમજવું. પણ સદહું પ્રકારનું બિલ અથવા નોટ અથવા ચેક અથવા આર્ડર સ્ટાંપ વગર આપ્યાના સબબથી કોઈ માણસ અથવા કોઈ પેહેડી દંડને લાયક થઈ હોય તે દંડમાંથી તે માણસ અથવા પેહેડી ઉપર કહ્યા પ્રમાણે થયાના સબબથી છુટે છે એમ સમજવું નહીં.

પોહોચ જોઈતી હોય ત્યારે કેમ કરવું

૨૭ (અ). જે માણસની પાસે અથવા જે માણસના મુખત્યારની પાસે વીસ રૂપિયા કર્તા વધારે રૂપિયા લેણા હોય અથવા લેણા છે એવો દાવો કર્યો હોય અને જે શખસ તે રૂપિયા આપે તેણે મરજીમાં આવે તો વળગે તેવો એક આનાનો સ્ટાંપ ચોઢીને એક કાગળ આપવો, અને જે માણસને તે રૂપિયા મળવાનો હક હોય તેની પાસે અથવા જે મુખત્યારને રૂપિયા આપ્યા હોય તેની પાસે તે રૂપિયાની પોહોચ અને તે સ્ટાંપની કિંમત માગવી.

પોહોચ આપવાની ના કેહે તે બાબત.

(બ.) જે માણસને સદહું પ્રમાણે રૂપયા આપ્યા હોય તે માણસની પાસે પોહોચ માગ્યા પછી તે પોહોચ આપવાની અથવા તે ઉપરના સ્ટાંપની કિંમત આપવાની ના કેહેશે તો એવા દરએક ગુન્હા બાબત સો રૂપિયા સુધી દંડને લાયક થશે.

[redacted]કાળજીથી સ્ટાંપ

૨૮. આઠમી અને છવિસમી કલમમાં ઠરાવ કર્યો છે તે સિવાય

---

૧ ચેક એટલે અવેજ આપવા બાબત બ્યાંક વગેરે કંપની ઉપર શાહજોગ ચિઠ્ઠી લખી આપે છે તે.

૨ આર્ડર એટલે એક માણસ બીજા માણસ ઉપર અવેજ આપવા બાબત ચિઠ્ઠી લખી આપે છે તે.

જે બિલ આફ એક્સચેંજ (એટલે હુંડીપત્રી) બાબત અથવા પ્રામિસરી નોટ (એટલે વાયદાચિઠ્ઠી) બાબત અથવા દસ્તાવેજ બાબત આ આકટ પ્રમાણે એક આનાનો કર બેસે છે તે બિલ આફ એક્સચેંજ અથવા પ્રામિસરી નોટ અથવા દસ્તાવેજ કરી આપ્યા પછી તે ઉપર સ્ટાંપ ચોટવો નહીં અથવા મારવો નહીં; અને વીસમી અને ચોવીસમી કલમના ઠરાવ સદહું પ્રકારના કોઈ દસ્તાવેજને લાગુ છે એવું સમજવું નહીં.

મારશે તો ક્યારે ચાલશે નહીં.

બાબ ૪ થો.—દંડ.

યોગ્ય રીતે સ્ટાંપ મારયા વગરના કાગળ ઉપર દસ્તાવેજ કરી આપવા બાબત દંડ.

૨૯. આ આકટ પ્રમાણે બેસાડેલા કર માહેનો હર કોઈ કર લાગુ હોય તેવું કંઈ બિલ આફ એક્સચેંજ (એટલે હુંડીપત્રી) અથવા પ્રામિસરી નોટ (એટલે વાયદાચિઠ્ઠી) અથવા ચેક અથવા તેવોજ બીજો દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ મારયા વગર કોઈ માણસ અથવા પેહેડી કરશે અથવા તે ઉપર સહી કરશે અથવા આપશે અથવા છવિસમી કલમમાં ઠરાવ કરેલો છે તે સિવાય સદહું પ્રકારનું બિલ આફ એક્સચેંજ અથવા પ્રામિસરી નોટ અથવા ચેક અથવા તેવો બીજો દસ્તાવેજ શીકારશે અથવા તેની પાછળ શેરો લખશે અથવા તેનો અવેજ આપશે અથવા લેશે.

અને જે બીજા દસ્તાવેજને સદહું પ્રકારનો કંઇ કર લાગુ હોય તે દસ્તાવેજ કોઈ માણસ યોગ્ય સ્ટાંપ મારયા વગર સાહેદની પેઠે સાહેદી કરયા વગર બીજી રીતે કરશે અથવા કરી આપશે અથવા તે ઉપર સહી કરશે.

તે એવા દરએક ગુન્હા બાબત સો રૂપિયા સુધી દંડને લાયક થશે.

અથવા યોગ્ય સ્ટાંપની કિંમતની દસગણી રકમ સો રૂપયા કરતાં વત્તી થતી હશે તો તે કિંમતથી ઘણામાં ઘણા દશગણા દંડને લાયક થશે.

અથવા ઓછી કિંમતનો સ્ટાંપ વાપરયો હશે ત્યારે જેટલા રૂપીઆ ઘટતા હશે તેથી દશગણા રૂપીઆ સો રૂપીઆ કરતાં વત્તા થતા હશે તો જેટલા રૂપીઆ ઘટતા હશે તેથી ઘણામાં ઘણા દશગણા રૂપીઆ સુધી દંડને લાયક થશે.

સ્ટાંપ મારયા વગરનાં ફારેન બિલો અથવા નોટો દેખાડવા વગેરે બાબત દંડ.

૩૦. બ્રિટિશ ઇંડિયા બાહાર લખેલાં અથવા કરેલાં જે બિલ આફ એક્સચેંજ ઉપર (એટલે હુંડી પત્રી ઉપર) અથવા પ્રામિસરી નોટ ઉપર (એટલે વાયદા ચિઠ્ઠી ઉપર) આ આકટમાં ફરમાવ્યા પ્રમાણે સ્ટાંપ નહીં હોય તે બિલ આફ એક્સચેંજ અથવા પ્રામિસરી નોટ કોઈ માણસ અથવા પેહેડી સીકારવા સારૂ અથવા અવેજ મળવા સારૂ દેખાડશે, અથવા સીકારશે અથવા તેને અવેજ આપશે અથવા તેની પાછળ શેરો લખશે અથવા તે બીજાના નામ ઉપર કરશે અથવા હરકોઈ રીતે વેચશે તે માણસ અથવા પેહેડી એવા દર-

એક ગુન્હા બાબત સો રૂપીઆ સુધી દંડને લાયક થશે.

કારેન બિલના ધણીએ તેઉપરના સ્ટાંપ રદ કરવા

૩૧. આઠમી કલમ પ્રમાણે વળગે તેવો સ્ટાંપ ચોટેલું બિલ આફ એકસચેંજ (એટલે હુંડી પત્રી) અથવા પ્રામિસરી નોટ (એટલે વાયદાચિઠ્ઠી કોઈ માણસ અથવા પેહેડી સીકારવા સારૂ અથવા એવેજ મળવા સારૂ દેખાડશે તે માણસે અથવા પેહેડીએ,

અને કોઈ માણસ અથવા પેહેડી સદહું બિલની અથવા નોટની પાછળ શેરો લખશે અથવા તે બીજાના નામ ઉપર કરશે અથવા હરકોઈ રીતે વેચશે તે માણસે અથવા પેહેડીએ,

તે પોતાના હાથમાંથી અથવા કબજામાંથી અથવા અખત્યારમાંથી જવા દીધા પેહેલાં ઉપર કહ્યા પ્રમાણે ચોટુલો સ્ટાંપ હેઠળ લખ્યા પ્રમાણે રદ કરવો એટલે,

તે સ્ટાંપ વપરાયો છે એમ જણાય અને તે પાછો ફરીથી વપરાય નહીં એવી રીતે રદ કરવો.

સ્ટાંપ રદ કરવાને ચુકશે તો તે બાબત દંડ.

જે માણસે અથવા પેહેડીએ આ આકટમાં ફરમાવ્યા પ્રમાણે સદહું પ્રકારનો સ્ટાંપ ઉપર કહેલી રીતે રદ કરવો જોઈએ તે માણસ અથવા પેહેડી તે પ્રમાણે કરવાની ના કેહેશે અથવા ગફલત કરશે તો તે એવા દરેક ગુન્હા બાબત સો રૂપીઆ સુધી દંડને લાયક થશે.

જે બિલોના અથવા મરીન પાલિસીના સેટ હોય તે બિલોની અથવા મરીન પાલિશીની સઘળી નકલો નહીં લખવા બાબત દંડ.

૩૨. બે અથવા વત્તી નકલો મળીને એક સેટ થાય એહેવા મજકુરનું બિલ આફ એકસચેંજ (એટલે હુંડીપત્રી) અથવા મરીન ઈન્સ્યુરન્સની પાલીસી (એટલે દરિયામાંના જોખમના વીમાની ચિઠ્ઠી) બ્રિટિશ ઈંડિયામાં કોઇ માણસ અથવા પેહેડી લખશે અથવા કરી આપશે અને તે બિલના અથવા પાલીસીના મજકુર ઉપરથી સેટમાં જેટલી નકલો જોઈએ તેટલી સઘળી નકલો તેજ વખતે આ આકટ પ્રમાણે યોગ્ય સ્ટાંપના કાગળ નહીં લખશે અથવા નહીં કરી આપશે તો તે માણસ અથવા પેહેડી એવા દરેક ગુન્હા બાબત એક હજાર રૂપીઆ સુધી દંડને લાયક થશે.

વળગે તેવો સ્ટાંપ (દસ્તાવેજ) કરી આપનારે અથવા લખી આપનારે રદ કરવો.

૩૩. આ આકટમાં પાછળ છુટ આપી છે તે છુટ પ્રમાણે વળગે તેવો સ્ટાંપ ચોહોડ્યો હોય ત્યારે તેવો સ્ટાંપ ચોહોડીને દસ્તાવેજ કરી આપનારા અથવા લખી આપનારા માણસે તે દસ્તાવેજ પોતાના હાથમાંથી અથવા કબજામાંથી અથવા અખત્યારમાંથી જવા દીધા પેહેલાં ઉપર કહ્યા પ્રમાણે ચોહોડુલો સ્ટાંપ પાછો ફરીથી વપરાય નહીં એવી રીતે રદ કરવો.

સદહું પ્રકારના સ્ટાંપ રદ કરવાને ચુકશે તો તે બાબત દંડ.

જે માણસ સદહું પ્રકારનો દસ્તાવેજ કરી આપશે અથવા લખી આપશે અને તે દસ્તાવેજ ઉપર ચોહોડુલો સ્ટાંપ ઉપર કહ્યા પ્રમાણે રદ કરવાને ચુકશે તે એવા દરએક ગુન્હા બાબત સો રૂપીઆ સુધી દંડને લાયક થશે.

ખરીદીના રૂપિ-

૩૪. (અ). હરકોઈ સ્થાવર અથવા જંગમ માલ મિલકત વેચી

હોય ત્યારે તે મિલકત બાબત ખરીદીના રૂપીઆની જે રકમ હસ્તે અથવા પરહસ્તે આપી હોય અથવા આપવાનો બંદોબસ્ત કર્યો હોય અથવા આપવાનું અથવા બંદોબસ્ત કરવાનું કબુલ કર્યું હોય તે પૂરેપૂરી રકમ જે મુખ્ય દસ્તાવેજ ઉપરથી અથવા જે એકના એક દસ્તાવેજ ઉપરથી તે વેચેલી માલમિલકત ખરીદદારને અથવા તેના હુકમથી બીજા કોઈ માણસને આપી દીધી હોય અથવા સોંપી હોય તે દસ્તાવેજમાં ખરેપણે અક્ષરે પૂરેપૂરી લખવી.

માની રકમ લખવી.

(બ) હરકંઈ ગીરોનો અથવા ભાડનો અથવા બીજા કરજનો અવેજ આપવાની અથવા કંઈ ઉધડી અથવા આખી રકમ આપવાનો સરતથી કંઈ માલમિલકત વેચી હોય અને આપી દીધી હોય ત્યારે તે કરજ અથવા રકમ (પ્રસંગ પ્રમાણે) વેચાણનો અવેજ અથવા વેચાણના અવેજનો ભાગ છે એવું સમજવું. અને તે બાબત આ આકટને જોડેલા પેહેલા પરિશિષ્ટ પ્રમાણે કર બેસશે તે આપવો પડશે.

ગીરોના રૂપિયા-ને ખરીદીના રૂપિયા સમજવા.

સદરહુ કરજ અથવા રકમ આપવાનો જોખમ ખરીદદારને માથે નહીં હોય અથવા ખરીદદાર પોતાને માથે લેતો નહીં હોય.

અથવા સદરહુ કરજ અથવા રકમ આપવાનું અથવા તે બાબતનો જોખમ વેચનારને માથેથી ઉતારવાનું કબુલ કરતો નહીં હશે તો પણ ઉપર કહ્યા પ્રમાણે કર આપવો પડશે.

(ક). ખરીદીના રૂપીઆની પૂરેપૂરી રકમ ઉપર કહેલી રીતે નહીં લખશે તો ખરીદદાર તથા વેચનાર પાંચ પાંચસે રૂપીઆ સુધી દંડને લાયક થશે; અને સદરહુ દસ્તાવેજ બાબત ખરેખરો જે કર આપ્યો હોય તે સિવાય તેને તે દસ્તાવેજમાં ખરીદીના રૂપીઆની પૂરેપૂરી રકમ યોગ્ય રીતે લખી હોત તો તે દસ્તાવેજ બાબત આ આકટ પ્રપ્રમાણે જેટલો વધારે કર બેસતે તેથી પાંચ ગણો દંડ આપવો પડશે.

ખરીદીના રૂપિ-યા નહીં લખવા બાબત દંડ.

૩૫. જે દસ્તાવેજમાં ખરેદી વગેરેના રૂપીઆની પૂરેપૂરી રકમ આ આકટ પ્રમાણે ખરેપણે લખવી જોઈએ તે દસ્તાવેજ તૈયાર કરવાનું જે આર્ટનીને અથવા વકીલને અથવા પ્લીડરને અથવા મુખત્યારને અથવા બીજા માણસને કહ્યું હોય,

આર્ટની વગેરે ખરીદીના રૂપિયા-ની ખરેખરી રકમ નહીં લખશે તો તે-ઓને દંડ થશે.

અથવા તે દસ્તાવેજમાં લખેલા વેહેવાર બાબત તે દસ્તાવેજના હરકોઈ પક્ષકારની તરફથી જે આર્ટનીને અથવા વકીલને અથવા પ્લીડરને અથવા મુખત્યારને અથવા બીજા માણસને કામ સોંપ્યું હોય તે.

ખરીદીના રૂપીઆની પૂરેપૂરી રકમ સિવાય બીજી કંઈ રકમ સદહું પ્રકારના કોઈ દસ્તાવેજમાં જાણી જોઇને દાખલ કરશે અથવા લખશે અથવા દાખલ કરાવશે અથવા લખાવશે તો.

તેને એહેવા દરએક ગુન્હા બાબત પાંચસેં રૂપીઆ કર્તાં ઓછો નહીં અને પાંચ હજાર રૂપીઆ કર્તાં વત્તો નહીં એટલો દંડ થશે.

જે જે આર્ટનીની ઉપર તથા વકીલની ઉપર તથા પ્લીડરની ઉપર

તથા મુખત્યારની ઉપર આ કલમ પ્રમાણે ગુન્હો સાબિત થશે એટલે તે (આટર્ની વગેરે) તે ગુન્હો સાબિત થયાની તારીખથી આટર્નીનું અથવા વકીલનું અથવા પ્લીડરનું અથવા મુખત્યારનું કામ કરવાને ના લાયક થશે એવું સમજવું.

પણ એવું ઠરાવ્યું છે કે (ખરીદી વગેરેનો) અવેજ ઉપર કહ્યા પ્રમાણે ખરેખરો લખ્યો હોત તો દસ્તાવેજ બાબત જે કર બેસતે તે કર્તાં ખરેખરો કર આપ્યો તે ઓછો આપ્યો નથી એવું હશે તો કોઈ માણસ આ કલમ પ્રમાણે દંડને લાયક થાય છે અથવા ના લાયક થાય છે એવું સમજવું નહીં.

મદદગારી.

૩૬. જે ગુન્હા બાબત આ આકટમાં શિક્ષા ઠરાવી છે તે ગુન્હો કરવામાં કોઈ માણસ હિંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે મદદગારી કરશે તો તેને તે ગુન્હા બાબત આ આકટમાં પાછળ શિક્ષા ઠરાવી છે તે શિક્ષા થશે.

દંડની વસુલાત.

૩૭. આ આકટ પ્રમાણે દંડ કરયો હોય તે કલકત્તા, મદ્રાસ અને મુંબઈ એ શેહેરોની હદ બાહાર કરેલા ગુન્હા બાબત કરયો હોય તો તે સઘળો દંડ ફોજદારી ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં કહેલી રીતે વસુલ કરવો; અને સદહું હદમાં કરેલા ગુન્હા બાબત દંડ કરયો હોય તો તે દંડ તે શેહેરની પોલીસનો બંદોબસ્ત કરવા બાબત જે આકટ ચાલુ હોય તે આકટમાં જે રીત કહેલી હોય તે રીતે વસુલ કરવો.

કોઈ પેહેડીને દંડ કરયો હોય ત્યારે તે પેહેડીની અથવા તે પેહેડીના સઘળા મેમબરોની અથવા તેઓમાંથી હર કોઈ મેમબરની જંગમ માલમિલકત જપ્ત કરીને તથા વેચીને દંડનો અવેજ વસુલ કરવાનું વારંટ આપવાનો અખત્યાર દંડ કરનારા માજિસ્ટ્રેટને છે.

ખબર આપનારને ઈનામ.

૩૮. આ આકટ પ્રમાણે ગુન્હેગારને દંડ કરયો હોય ત્યારે જે માણસે ખબર આપી હોય તે માણસના ખબર ઉપરથી તે ગુન્હેગારની ઉપર ગુન્હો સાબિત થયો હોય તે માણસને તે દંડના અર્ધ ભાગ સુધીમાં ગમે તેટલો હિસ્સો અપાવવાને ગુન્હો ઠરાવનાર માજિસ્ટ્રેટ મુખત્યાર છે.

બાબ ૫ મો.—હકુમત.

યોગ્ય સ્ટાંપ બાબતના શકનો નિકાલ.

૩૯. જે દસ્તાવેજ બાબત આ આકટ પ્રમાણે સ્ટાંપનો કર બેસતો હોય તે દસ્તાવેજ ઉપર અગાઉ સ્ટાંપ મારેલો હોય કે નહીં હોય તે દસ્તાવેજ કલેકટરની પાસે લાવીને તે દસ્તાવેજ લાવનાર કલેકટરને પૂછશે કે એ દસ્તાવેજને કેટલો સ્ટાંપ જોઇશે અને પાંચ રૂપિયા ફી આપશે ત્યારે ફલાણો કર તે દસ્તાવેજને લાગુ છે એવું કલેકટરનું મત હોય તે કરનો આંકડો લખી ઠરાવશે; અને તે કર આપે અથવા તે

દસ્તાવેજ બાબત જે કર આપ્યો હોય તેમાં જેટલા રૂપીયા ઊમેરતાં ઉપર કહ્યા પ્રમાણે કરના ઠરાવેલા આંકડા જેટલા રૂપીયા થાય તેટલા રૂપીયા આપે, અને તે દસ્તાવેજ ઓછી કિમતના સ્ટાંપના કાગળ ઉપર કરયાના સબબથી દંડનો પેચ આવ્યો હોય તે દંડ આપે એટલે સદહું દસ્તાવેજ બાબત આ આકટ પ્રમાણે જે કર બેસેછે તે પુરે પુરો આપ્યોછે એવો તેણે તેની પાછળ શેરો લખીને દાખલો આપવો.

પછી તે દસ્તાવેજ યોગ્ય રીતે સ્ટાંપ મારેલો દસ્તાવેજછે એવું સમજવું અને તે દસ્તાવેજ પેહેલવેહેલાંજ યોગ્ય સ્ટાંપ ઉપર કર્યો હોય તે પ્રમાણે તે દસ્તાવેજ સઘળી કોર્ટોમાં તથા સરકારી કચેરીઓમાં પુરાવામાં અથવા બીજી રીતે લઈ શકાશે.

પણ એવું ઠરાવ્યુંછે કે જે બિલ આફ એકસચેંજ(એટલે હુંડીપત્રી) બાબત અથવા પ્રામિસરી નોટ (એટલે વાયદા ચિઠ્ઠી)બાબત અથવા દસ્તાવેજ બાબત સ્ટાંપનો કર એક આનો બેસેછે તેવુ બિલ આફ એકસચેંજ અથવા પ્રામિસરી નોટ અથવા દસ્તાવેજ લખ્યા પછી અથવા તે ઉપર સહી કરી આપ્યા પછી તે વગર સ્ટાંપનો અથવા ઓછી કિમતના સ્ટાંપનો હોય તેવાને તેહેવો કલેકટરની પાસે લાવે તો તે ઉપર સદહું પ્રકારનો શેરો લખવાનો તેને આ કલમના પેહેલા ભાગના ઠરાવ પ્રમાણે અધિકારછે એવું સમજવું નહીં.

૪૦. આ આકટ પ્રમાણે કલેકટરે જે દાખલા તથા હુકમ આપ્યા હશે તે ઉપર અપીલ થયા પછી અથવા બીજી રીતે તે સઘળા દાખલાની તથા હુકમની તપાસ કરવાને નિર્બંધ રાખનારા જે મુખ્ય મુલકી અમલદારના તાબામાં કલેકટર હોય તે અમલદાર મુખત્યારછે. પણ એવું ઠરાવ્યુંછે કે ઉપર કહ્યા પ્રમાણે ફરીથી તપાસ કરીને હુકમ કર્યો હોય તેથી હેઠળ લખ્યા પ્રમાણે થાયછે એવું સમજવું નહીં. એટલે ચોવીસમી અથવા પચિસમી કલમ પ્રમાણે જે દસ્તાવેજની પાછળ કલેકટરે શેરો લખ્યો હોય તે દસ્તાવેજ અગાઊ નોંધાયો હોય તે નોંધ અથવા તે દસ્તાવેજ ઉપરથી બીજું કાંઇ કામ ચલાવ્યું હોય તે કામ રદ થાયછે એવું સમજવું નહી.

કલેકટરના દાખલાના તથા હુકમની પાછી ફરી તપાસ.

૪૧ (અ). આ આકટ પ્રમાણે કાંઇ મુકદમો પોતાની પાસે આવે તે મદ્રાસ ઈલાકામાં અથવા મુંબઇ ઇલાકામાં ઉત્પન્ન થયો હોય તો તેની હકીકત લખી કાહાડીને તે હકીકત પોતાના અભીપ્રાય સુદ્ધાં ત્યાંહાંની હૈકોર્ટમાં મોકલવાનો અખત્યાર અને બ્રિટિશ ઈંડિયાના બીજા કોઈ ભાગમાં ઉત્પન્ન થયો હોય તો કલકત્તાની હૈકોર્ટમાં મોકલવાનો અખત્યાર નિર્બંધ રાખનારા મુખ્ય મુલકી અમલદારને છે.

હૈકોર્ટને લખી મોકલવા બાબત.

(બ). સદહું પ્રકારનો મુકદમો જે હૈકોર્ટમાં મોકલ્યો હોય તે હૈકોર્ટના ઓછામાં ઓછા ત્રણ જડજોએ મળીને તે મુકદમાનો ફેંસલો કરવો અને તેવોનું મત જુદું જુદું પડે તો ઘણા જણાના મત પ્રમાણે ફેંસલો કરવો.

(ક). મુકદ્દમાની હકીકત ઉપરથી નિકળેલી તકરારનો નિકાલ થઈ શકતો નથી એવું હૈકોર્ટની નજરમાં આવે તો જે મુલકી અમલદારે મુકદ્દમાની હકીકત લખી મોકલી હોય તેનો ઉપર તે મુકદ્દમો પોતાના હુકમ પ્રમાણે હકીકત વધારે લખવા સારૂ અથવા તેમાં ફેરફાર કરવા સારૂ પાછો મોકલવાનો હૈકોર્ટને અખત્યારછે.

(ડ). સદરહુ પ્રકારના મુકદ્દમામાં તકરાર નિકળી હોય તેનો નિકાલ હૈકોર્ટ ચોકસી કરીને કરવો, અને જે સબબ ઉપરથી નિકાલ કર્યો હોય તે સબબ સુધાં પોતાનો ફેંસલો કહી સંભળાવવો; અને જે મુલકી અમલદારે મુકદ્દમાની હકીકત લખી મોકલી હોય તેની ઉપર તે ફેંસલાની નકલ મોકલવી, પણ તે ઉપર કોર્ટનો શિક્કો કરીને તથા રજિસ્ટરારની સહી લઈને મોકલવી. અને તે નકલ આવ્યા પછી તે મુલકી અમલદારે તે ફેંસલા પ્રમાણે તે મુકદ્દમાનો નિકાલ કરવો.

દંડ માફ કરવાનો અધિકાર.

૪૨. આ આકટ પ્રમાણે કરેલો દંડ અરજી આવ્યા પછી સઘળો અથવા તેનો કાંઈ ભાગ માફ કરવાને નિર્બંધ રાખનારો મુખ્ય મુલકી અધિકારી મુખત્યારછે.

ફરિયાદ કરવી અને તેનું કામ ચલાવવું.

૪૩. આ આકટ પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઈ ગુન્હા બાબત ફરિયાદ કરવી પડે તે કલેકટરે કરવી, અને તેનું કામ ચલાવવું; અથવા તે બાબત સ્થાનિક સરકારે જે બીજા અમલદારને સામાન્ય અધિકાર આપ્યો હોય અથવા કલેકટરે વીશેષ અધિકાર આપ્યો હોય તેણે ફરિયાદ કરવી અને તેનું કામ ચલાવવું.

માજિસ્ત્રેટનો અખત્યાર.

૪૪. આ આકટ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુન્હા હોય તેઓનો ઇનસાફ કરવાનો અધિકાર કલકત્તા મદ્રાસ અને મુંબાઈ શેહેરની હદમાં પોલીસના હરકોઇ માજિસ્ત્રેટનેછે; અને તે હદ બાહારડિસ્ત્રિકટના માજિસ્ત્રેટને, અથવા ફોજદારી ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં માજિસ્ત્રેટનો અધિકાર કહ્યોછે તે અધિકાર અથવા પહેલા વર્ગના તાબામાંહેના માજિસ્ત્રેટનો અધિકાર જે માણસ ચલાવતો હશે તેનેછે.

પણ એવું ઠરાવ્યુંછે કે આ આકટ પ્રમાણે દંડ કરતી વખતે સદરહુ કાયદામાં જેટલો દંડ કરવાનો પોતાને અખત્યાર મળેલો હોય તે કરતાં વત્તો દંડ ઉપર કહેલા કોઇ માણસે કરવો નહીં.

બાબ ૬ ઠો.—પરચુરણ.

સ્ટાંપનો કાગળ નકામ પડ્યો હોય અથવા ખરાબ થયો હોય ત્યારે તેનો અવેજ પાછો

૪૫. સ્ટાંપનો કાગળ આ આકટમાં કહેલી રીતે, અથવા સ્ટાંપના કર બાબતના કાયદા એકઠા કરીને સુધારવા બાબત સને ૧૮૬૨નો ૧૦ મા આકટછે તે આકટ પ્રમાણે લીધો હોય તે, અથવા જે કાગળ ઉપર કલેકટરે અથવા સ્ટાંપના સુપ્રીનટેનડેન્ટે સ્ટાંપ દેખાડ્યો હોય

તે કાગળ કોઈ માણસની પાસે હોય અને તેને તેનો ખપ નહીં હોય. આપવો.

અથવા ઉપર કહ્યા પ્રમાણે લીધેલા કાગળ આ આકટમાં આગળ કહ્યા પ્રમાણે ખરાબ થયો હોય અથવા નકામ પડ્યો હોય તો.

જે ડિસ્ટ્રીકટમાં તે કાગળ વેચાતો લીધો હોય તે ડિસ્ટરીકટના કલેકટરને તે કાગળ વેચાતો લીધાની તારીખથી એક વરસની અંદર અરજી કરીને તે કાગળ તેને અરજદાર અથવા બીજું કોઈ માણસ પાછો આપે તો તે કાગળ બાબત સરકારમાં જેટલા રૂપિયા આપ્યા હોય તેટલા રૂપિયા પાછા આપવાને તે કલેકટર મુખત્યાર છે.

અથવા એ પ્રમાણે ખરાબ થયલા અથવા નકામ પડેલા કાગળના જેવોજ સ્ટાંપનો કાગળ અથવા તેટલીજ કિંમતનો સ્ટાંપનો કાગળ લેવાની તે કાગળના ધણીની ઇચ્છા હોય ત્યારે જે કાગળ ઉપર નવો સ્ટાંપ મારવામાં આવે તે કાગળની કિંમત આપશે તો સદહું પ્રકારનો કાગળ તેને અથવા તેના મુખત્યારને અપાવવાને કલેકટર મુખત્યાર છે.

સ્ટાંપનો કાગળ ખરાબ થયો એવું ક્યારે સમજવું.

૪૯. સ્ટાંપનો કાગળ તથા જે કાગળ ઉપર કલેકટરે અથવા સ્ટાંપના સુપ્રીનટેનડેન્ટે સ્ટાંપ દેખાડ્યો હોય તે કાગળ પીસ્તાળીસમી કલમના અર્થ પ્રમાણે ખરાબ થયો અથવા નકામ પડ્યો એવું હેઠળ લખેલે પ્રસંગે સમજવું એટલે,

તે કાગળ ઊપરના કોઇ લેખ ઉપર આખરની સહી કરી આપ્યા પેહેલાં તે કાગળને કંઈ અપાય થયાથી તે નકામ પડ્યો હોય ત્યારે, અથવા તે ઉપરનો લેખ સમજાવતાં અથવા નકલ કરતાં ચુક થઈ હોય અને તે આખરની સહી કરી આપ્યાં પેહેલાં માલમ પડ્યા ઉપરથી તે કાગળ નકામ પડતો હોય ત્યારે,

અથવા સદહું પ્રકારના લેખની મતલબ હોય તે પાર પાડવા સારૂ તે ઉપર જે માણસની સહીની જરૂર હોય તે માણસ મરી ગયાથી, અથવા તેણે સહી કરવાની ના કહ્યાથી તે લેખ અધુરો રેહે અને નકામ પડતો હોય ત્યારે,

અથવા તે કાગળ ઉપરના લેખ ઉપરથી જે કામ અથવા જુમ્મો સોંપ્યો હોય તે ના કબુલ કરયાથી તે લેખની મતલબ પાર પડતી નહીં હોય ત્યારે,

અથવા તે ઉપરના લેખ ઉપરથી જે વેહેવાર કરવાનો અથવા દેખાડવાનો ઇરાદો હોય તે વેહેવાર, અવેજ નહીં આપ્યાનાં કારણથી પાર પડતો નહીં હોય અથવા દેખડાતો નહીં હોય ત્યારે,

અથવા તે ઉપરના જે લેખ ઉપરથી જે વેહેવાર કરવાનો ઇરાદો હતો તે વેહેવાર યોગ્ય રીતે સ્ટાંપ મારેલા બીજા કોઈ દસ્તાવેજ ઉપરથી થયો હોય ત્યારે,

અથવા વેચાય તેવો દસ્તાવેજ હોય અને તે દસ્તાવેજ જે માણસને અવેજ પોહોંચાડવાને હોય તેને અથવા તેની તરફથી કામ ક-

રનારાં માણસને નહીં પેહોંચાડ્યાથી અથવા બીજા કારણથી ફરી કામમાં આવ્યો નહીં હોય ત્યાર,

